ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૧૯ ટકા

# સે. ૨૧ પોલીસની સન્ડે સ્પે. ડ્રાઈવ





## ૨૫૦થી વધુ વાહનોમાંથી ડાર્ક ફિલ્મ, પોલીસ-આર્મીનાં લખાણ, પોલીસ લખેલી પ્લેટો દૂર કરી : હેલ્મેટ, સીટ બેલ્ટ વગર ફરતા તથા ફેન્સી નંબર પ્લેટ, ડાર્ક ફિલ્મ રાખીને ફરતા વાહનચાલકોને દંડ્યા : બે પીઆઈ, ત્રણ પીએસઆઈ અને ૨૦ પોલીસે સવારે ઘ-૫ અને સાંજે ચ-૫ સર્કલે સપાટો બોલાવ્યો

ગાંધીનગર, તા. ૨૭

પાટનગરમાં આજે રવિવારે સૅક્ટર-૨૧ પોલીસ દ્વારા ટ્રાફિક સંબંધિત સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. બેપીઆઈ, ત્રણ પીએસઆઈ અને ૨૦ પોલીસ કર્મચારીનો કાફલો સવારે ઘ-૫ સર્કલ અને સાંજે ચ-૫ સર્કલ પાસે ડ્રાઈવમાં ગોઠવાઈ ગયો હતો. પોલીસ કે પોલીટિશીયન કોઈની પણ શેહ-શરમ રાખ્યા વિના હાથ ધરાયેલી આ ઝુંબેશમાં ૨૫૦થી વધુ વાહનચાલકો ઉપર સપાટો બોલાવવામાં આવ્યો હતો.

ટુ વ્હીલર અને ફોર વ્હીલરમાં ફેન્સી નંબર પ્લેટ લગાડીને ફરતા વાહનચાલકો પર પોલીસે આજે તવાઈ બોલાવી હતી. તે ઉપરાંત હેલ્મેટ, સીટ બેલ્ટ વગર ફરતા વાહનચાલકોને પણ દંડ્યા હતા. પોલીસ, આર્મી, એર ફોર્સ તથા વિવિધ કમિટીઓના હોદ્દાના સ્ટીકર લગાડીને કે ગાડીમાં પ્લેટ મારીને ફરતા વાહનચાલકોને ઊભા રખાવી તે તમામનાં વાહનો પરથી આવા સ્ટીકર અને પ્લેટો દૂર કરવામાં આવી હતી. આવા વાહનચાલકો ઉપરાંત ડાર્ક ફિલ્મ લગાડીને ફરતા વાહનચાલકોની ફિલ્મ સ્થળ પર જ ઉતારીને સ્થળ દંડ વસૂલવામાં આવ્યો હતો. સૅક્ટર-૨૧ પીઆઈ વી એન યાદવના જણાવ્યા અનુસાર સવારે ઘ-૫ અને સાંજે ચ-૫ સર્કલે હાથ ધરાયેલી આ ઝુંબેશમાં ૨૫૦થી વધુ વાહનોમાંથી ડાર્ક ફિલ્મ, વિવિધ લખાણોનાં સ્ટીકર અને પ્લેટ દૂર કરવામાં આવી હતી. તે ઉપરાંત હેલ્મેટ, સીટ બેલ્ટ વગર ફરતા વાહનચાલકો અને ડાર્ક ફિલ્મ, ફેન્સી નંબર પ્લેટ લગાડીને ફરતા વાહન ચાલકો પાસેથી ૧૫ હજારથી વધુનો સ્થળ દંડ વસૂલી ઝુંબેશ કડકપણે સફળ બનાવવામાં આવી હતી.

# પેથાપુર નજીક મકાનમાં દરોડો પાડી પોલીસે દારૂ ઝડપ્યો

### ૨૬,૭૦૦ની દારૂની બોટલો સાથે એક શખ્સ પકડાયો : મહેસાણાનો બુટલેગર દારૂ આપી ગયો હતો

ગાંધીનગર, તા. ૨૭

પેથાપુર-મહુડી રોડ પર ઉમીયા પેટ્રોલ પંપ નજીક એક મકાનમાં દારૂનો જથ્થો સંતાડી વેપલો કરવામાં આવતો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે મકાનમાં દરોડો પાડી ૮૭ બોટલ વિદેશી દારૂ પકડી પાડ્યો હતો. રૂ. ૨૬,૭૦૦ના દારૂ સાથે એક શખ્સની ધરપકડ કરી પુછપરછ કરતા મહેસાણાનો બુટલેગર દારૂ આપી ગયો હોવાની વિગતો બહાર આવી છે.

પેથાપુર પીએસઆઈ પી.આર. રાવલની સુચનાથી તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન હે. કોન્સ્ટેબલ હરેન્દ્રસિંહને મળેલી બાતમી આધારે પેથાપુર-મહુડી રોડ ઉપર લીસા મિલની સામે ઉમીયા પેટ્રોલપંપ નજીક નટવરસિંહ રતનસિંહ વાઘેલાના મકાનમાં દરોડો પાડ્યો હતો. મકાનમાંથી



પોલીસને વિદેશી દારૂની ૮૭ નંગ બોટલો મળી આવી હતી. રૂ. ૨૬,૭૦૦ની કિંમતનો દારૂ જપ્ત કરી પોલીસે નટવરસિંહ વાઘેલાની ધરપકડ કરી લીધી છે. તેની પુછપરછ કરતા મહેસાણાના પઢારીયા વિસ્તારનો કુલદિપસિંહ દિલીપસિંહ નામનો શખ્સ દારૂ આપી ગયો હોવાનું બહાર આવ્યુ છે. પોલીસે તે દિશામાં તપાસ લંબાવી છે.

# ચિલોડા અશ્વમેઘ કોમ્પલેક્ષમાંથી ઈસનપુરના યુવાનનુ બાઈક ચોરાયું

ચિલોડા, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારના જંકશન મથક ગણાતા ચિલોડામાંથી વાહનચોરીના બનાવો બની રહ્યા છે ત્યારે ચિલોડાના દહેગામ રોડ પર અશ્વમેઘ કોમ્પલેક્ષમાં ૧૦ દિવસ પૂર્વે પૂજાનો સામાન લેવા આવેલા ગામના યુવાનનું બાઈક ચોરાયા બાદ ફરીથી ઈસનપુર મોટાના યુવાનનું બાઈક આજ સ્થળેથી ચોરાઈ જવાની ઘટના સામે આવી છે.

ચિલોડા પોલીસ સ્ટેશનમાં ઈસનપુરના યુવાન વિનોદભાઈ ઠાકોર દ્વારા નોંધાવા પામેલ ફરિયાદ પ્રમાણે શુક્રવારે સાંજે ૪ વાગ્યાના સમયે તેમના સંબંધી વિષ્ણુભાઈનું નવુ જ લીધેલ નંબર વગરનું બાઈક જીજે.૧૮.ડીબી.૫૨૮૮ લઈને ચિલોડા એક ગ્રાહક પાસેથી પૈસા લેવા તથા ખરીદી અર્થે આવ્યા હતા. ત્યારે અશ્વમેઘ કોમ્પલેક્ષના પાર્કિંગમાં બાઈક પાર્ક કરીને ખરીદી કરીને ૫.૩૦ વાગે પરત આવતાં રૂ. ૫૦ હજારની કિંમતનું નવુ બાઈક ચોરાયુ હતુ.

# સેક્ટર-૧૬ મલ્ટીપ્લેક્સ સામેનો બગીચો ખંડેર

ગાંધીનગર, તા. ૨૭

શહેરના સેક્ટર-૧૬માં તૃપ્તી આઈસ્કીમ પાર્લરની સામેનો બગીચો જાળવણીના અભાવે છેલ્લા ઘણા વર્ષોથી ખંડેર બની ગયો છે. આ બિસ્માર બગીચામાં કેટલાક ઘરવિહોણા નાગરિકોએ પોતાનું રહેઠાણ બનાવી નાખ્યુ છે. તેમ છતાં સ્થાનિક તંત્ર ક્યારે અહી બેહાલ બની ગયેલા બગીચા બાજુ ડોકીયુ કરવા પણ નથી આવતુ. સ્થાનિકતંત્ર આ બગીચાની સાફસફાઈ કરી તેને સુંદર બનાવે તેવી વેપારીઓ અને મુલાકાતીઓ ઈચ્છી રહ્યા છે. શહેરના સંખ્યાબંધ ગાર્ડન-બગીચા તેની જાળવણીના અભાવે સુંદરતા ખોઈ બેઠા છે. સ્થાનિક તંત્ર જોસમાં ને જોસમાં બગીચાને સુંદર બનાવી દે છે. પરંતુ પછી આ બગીચા સમય જતા જાળવણીના અભાવે ખરાબ થઈ જાય છે આવો જ સેક્ટર-૧૬ તૃપ્તી આઈસ્કીમ પાર્લર સામેનો બગીચો પણ જાળવણીના અભાવે બિસ્માર થઈ ગયો છે. થોડા વર્ષો અગાઉ આજ બગીચાનું ફેન્સીંગ કરી રંગ રોપાણ કરવામાં આવ્યુ હતુ. ત્યારથી આજ દિન સુધી આ બગીચો જે તે સ્થિતિમાં જ પડ્યો છે. તેમ છતાં સ્થાનિકતંત્ર આ મામલે ક્યારેય નજર પણ નાખતુ નથી.



જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે પાટનગરમાં વિવિધ ચોકીઓ શરૂ કરી પ્રવેશદ્વારોએ નાકા પોઈન્ટ માટે તંબુ ચોકી કાર્યરત કરતા ગુનાખોરીમાં આંશિક ઘટાડો થયો છે. જે અંતર્ગત જે અંતર્ગત અડાલજ પોલીસ સ્ટેશનની હદમાં વૈષ્ણોદેવી સર્કલ પાસે પણ ગઈ કાલથી એક પોલીસ ચોકી કાર્યરત કરવામાં આવી છે.

# હું જે પણ કરૂં છું, તે અલ્લાહને ખુશ કરવા કરૂં છું

## દિવ્યાંગો અને વિધવાઓને મળતા સરકારી યોજનાના લાભો અંગે વિના મૂલ્યે જાણકારી અને મદદ પુરી પાડતા ગાંધીનગરના નેકદિલ ઈન્સાન ઈનાયતઅલી સૈયદના કારણે અનેકના જીવનમાં કલ્યાણકારી પરિવર્તન આવ્યાં છે

ગાંધીનગર, તા. ૨૭

દર વર્ષે જ્યારે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર બજેટ જાહેર કરે ત્યારે અને તે સિવાય પણ વર્ષના અમુક ખાસ દિવસોએ સરકાર દ્વારા પ્રજા કલ્યાણલક્ષી વિવિધ યોજનાઓની જાહેરાત કરવામાં આવતી હોય છે અથવા જુની યોજનામાં સુધારા કરી તેને વધુ જન સુખાકારીલક્ષી બનાવાતી હોય છે. વળી, દરેક વર્ગ કે સમુદાયને તેના હક્કો તથા તેમની સુખ-સલામતી માટે કાયદા બનાવાતા હોય છે પરંતુ આ યોજનાઓ અને કાયદાઓ અંગે જાણકારી તેના ખરા લાભાર્થીઓ સુધી પુરતા પ્રમાણમાં પહોંચતી નથી જેથી તેની અસરકારક અમલવારીમાં કચાશ રહી જાય છે. ગાંધીનગરના ૭૭ વર્ષીય નેકદિલ ઈન્સાન ઈનાયતઅલી સૈયાદ છેલ્લાં ૨૫ જેટલાં વર્ષોથી દિવ્યાંગો-વિધવાઓ તથા સિનિયર સિટીઝન્સને મળવાપાત્ર સરકારી યોજનાના લાભોની માહિતી પુરી પાડે છે એટલુ જ નહી પરંતુ વંચિતોને યોજનાનો લાભ મળી રહે તે માટે તમામ પ્રક્રિયા પૂર્ણ કરવામાં મદદરૂપ થાય છે.

ખેડા જિલ્લાના કવડવંજ તાલુકાના નાનકડા આંત્રોલી ગામના મૂળ વતની એવા ઈનાયતઅલી ગામમાં કરિયાણાના દુકાન ધરાવતા પિતાના સામાન્ય પરિવારમાં ત્રણ સંતાનોમાં બીજા નંબરે જન્મ્યાં હતા અને કપડવંજમાં શાળાકીય અભ્યાસમાં ઓલ્ડ એસએસસી પુરૂ કરી સરકારી નોકરી મળે તે હેતુથી અમદાવાદમાં શોર્ટહેન્ડ અને ટાઈપીંગ શિખવા ગયા હતા જ્યાં તેઓ બોર્ડિંગમાં રહી ખર્ચો કાઢવા ખાનગી ઓફિસમાં પાર્ટટાઈમ ઓફિસબોયનું કામ પણ કરતા હતા. વર્ષ ૧૯૬૦માં તેમને ઔદ્યોગિક અદાલતમાં ટાઈપસ્ટની નોકરી મળી. ત્યારબાદ સમયાંતરે ગુજરાત સરકારે સરકારી વહીવટ ગુજરાતીમાં કરવાનો નિર્ણય લેતા કર્મચારીઓ માટે ગુજરાતી શોર્ટહેન્ડ શીખવાની સ્કીમ મુકી તેનો લાભ લઈ ઈનાયતઅલીએ ગુજરાતી સોર્ટહેન્ડ સ્ટેનોગ્રાફી શીખીને લેબર કમિશ્નર વિભાગમાં સ્ટેનોગ્રાફરની નોકરી મેળવી હતી.




આ પછી તેમણે તત્કાલીન મુખ્યમંત્રીઓ માધવસિંહ સોલંકી, અમરસિંહ ચૌધરી વગેરેના કાર્યાલયમાં સ્ટેનોગ્રાફરની ફરજ બજાવી હતી. આ ફરજ દરમ્યાન તેમને અમદાવાદના અંધજન મંડળમાં પણ જવાનું થતુ હતુ. નાનપણથી દિવ્યાંગો પ્રત્યે અનુકંપા ધરાવતા ઈનાયતઅલીએ પોતાના ગામના ગરીબ ચીમનકાકાનો જેમનો દિકરો જે પ્રજ્ઞાચક્ષુ હતો તેને અહીં ભણવા મુકવા સમજાવ્યા અને જ્યારે તે દિકરા મહેશને ગામમાં આવવુ હશે ત્યારે હું લઈને આવીશ તેવી જવાબદારી પણ સ્વીકારી હતી. અહીં રહી પ્રજ્ઞાચક્ષુ મહેશ એસએસસી સુધી ભણ્યો અને તેણે અંધજન મંડળમાં જ કાપડના તાકા પર જીલેટીન ચઢાવવાની નોકરી પણ મળી જતા મહેશના પરિવાર કરતા પણ વધુ આનંદ ઈનાયતઅલીને થયો. મહેશ પછી તો જ્યારે પણ ઘરે જાય ત્યારે ઘરના એક સભ્યને ડાકોરના દર્શને લઈ જતો હતો.

ઈનાયતઅલી જ્યાં જાય ત્યાં કોઈ પણ વિકલાંગને કે વિધવાને જોવે એટલે તુરંત તેમની સાથે વાત કરી તેને મળવાપાત્ર સરકારી યોજનાના લાભોની જાણકારી આપે તથા પોતાનો ફો નંબર આપી તે માટે મદદરૂપ થવાની તૈયારી દર્શાવે. આ કારણે તેમની ઓફિસમાં વિકલાંગોની અવરજવર રહેતી હતી. આ જોઈ એચ.પી. જામદાર નામના સચિવે તેમને દિવ્યાંગોને સાયકલ વગેરે આપવા આર્થિક દાન પુરૂ પાડ્યુ હતુ. આ સચિવની મદદથી ઈનાયતઅલીએ વર્ષ ૧૯૯૬માં તેમનું પહેલુ પુસ્તક ‘અપંગોનો ભોમિયો’ પ્રકાશિત કર્યુ જેમાં વિકલાંગોને મળતા સરકારી લાભોની વિસ્તૃત માહિતી આપી હતી. આ પુસ્તકમાં મુખ્યમંત્રી સુરેશ મહેતાએ શુભેચ્છા સંદેશ લખ્યો હતો અને સ્પીકર હરિશચંદ્ર પટેલે વિમોચન કર્યુ હતુ. આ પુસ્તકની તમામ નકલો બે માસમાં જ વેચાઈ ગઈ પછી મુખ્યમંત્રીના સચિવ પી.કે. લહેરીનું તેના પર ધ્યાન જતા માહિતી ખાતામાંથી આ પુસ્તકની સુધારેલી આવૃત્તિ તૈયાર કરાવી જેનું શિર્ષક હતુ ‘વિકલાંગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ’ આ પછી લગભગ દર બીજા વર્ષે ઈનાયતઅલી દ્વારા તૈયાર કરાયેલ દિવ્યાંગો માટેનું પુસ્તક માહિતિ ખાતુ પ્રકાશિત કરતું રહ્યું છે. આ પુસ્તિકા માટે ઈનાયતઅલી દરેક સરકારી વિભાગોમાં જાતે જઈ તેમની દિવ્યાંગો માટેની યોજનાઓની સંપૂર્ણ વિગતો મેળવે છે અને આ સાથે તેમણે વિકલાંગધારાને આવરી લેતી પુસ્તિકા પણ લખી છે. અત્યારે તેઓ નિવૃત્ત થયાને ૧૮ વર્ષ થયા ત્યાં સુધીમાં તેઓ અંદાજે ૫ હજારથી વધુ દિવ્યાંગો-વિધવાઓને સરકારી યોજનાના લાભો અપાવી ચુક્યા છે.

પોતાના ગામમાં કે ગાંધીનગરની ઝુંપડપટ્ટીમાં પણ કોઈના મરણના સમાચાર સાંભળે એટલે ઈનાયતઅલી ત્યાં જઈને તેની વિધવાને સરકારી યોજનાના મળવાપાત્ર લાભોની જાણકારી આપી તે મેળવવા મદદરૂપ થાય છે. આ કાર્યમાં તેમણે અસંખ્ય સેમિનારમાં પણ માહિતીદર્શક વક્તવ્યો આપ્યાં અને દૂરદર્શન પર પણ આ માટે તક પ્રાપ્ત કરી હતી. એકવાર સચિવાલયના દરવાજે એક પ્રજ્ઞાચક્ષુને જોઈ સ્કૂટર ઉભી રાખી પુછતા તે વલસાડનો પોલીસ કોન્સ્ટેબલ હોવાનું અને ફરજ દરમ્યાન જ દૃષ્ટિ ગુમાવતા ડીએસપીએ ફરજિયાત નિવૃત્ત કર્યો હોવાનું જાણતા તેને વિકલાંગ ધારા હેઠળ અપીલ કરાવી ફરીથી નોકરીએ બેસાડ્યો હતો. આજ રીતે આદિવાડાના એક વૃદ્ધ માજીને વિધવા પેન્શનની માહિતી આપી તે માટે અરજી કરાવી મંજુર કરાવ્યાં છતાં પેન્શન આવ્યું નહી. છેવટે તેમનું પોસ્ટમાં ખાતુ ખોલાવતા એક સાથે રૂ. ૧૫ હજાર પેન્શન જમા થતા આનંદવિભોર બનેલા માજીએ વળતરરૂપે નાણાં આપવાની ઓફર કરી હતી જેને ઈનાયતઅલીએ વિવેકથી નકારી દીધી હતી. ઈનાયતઅલી સૈયદનું તેમની નિસ્વાર્થ સેવાઓ બદલ રાજ્યપાલ નવલકિશોર શર્માથી માંડીને સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ, બેંક ઓફ બરોડા તેમજ ગુજરાત લોકહિત સેવા ટ્રસ્ટ વગેરેએ સન્માન કર્યુ છે. તેમના પ્રયાસો થકી એક પ્રજ્ઞાચક્ષુ ભિક્ષુક મહિલાને નેત્રયજ્ઞમાં લઈ જઈ ઓપરેશન કરાવતા ૨૦ વર્ષે દૃષ્ટિ પરત મળી હતી. ‘ગરવી ગુજરાતના ગૌરવવંતા મુસ્લિમો’ પુસ્તકમાં સ્થાન પામનારા ૭૭ વર્ષીય ઈનાયતઅલી કહે છે ‘રમઝાનમાં ભૂખ્યા-પ્યાસા રહેવાથી ખોરાક-પાણીની કિંમત સમજાય છે અને તેનાથી જે વંચિત છે તેમની વેદના પણ સમજાય છે’ પોતાની સેવાઓ અંગે તેઓ કહે છે કે ‘હું જે પણ કરૂ છુ તે અલ્લાહને ખુશ કરવા કરૂ છુ.’

-પ્રતિભાવો આવકાર્ય
Samirlalod@yahoo.com

## વાતવાતમાં

- ગાંધીનગરના પત્રકાર તથા જન ફરિયાદના તંત્રી પ્રદીપ રાવલનું ભારતીય પત્રકાર મંચ દ્વારા ઝનૂની પત્રકારના ઍવોર્ડ સાથે સન્માન કરાયું છે. આ ઍવોર્ડ તેમને રવિવારે રાજેન્દ્ર ભવન ખાતે એનાયત કરાયો હતો.
- સૅક્ટર-૨૪માં વિધવા બહેન સાથે રહેતા ભાઈને વિધવા ગૂજરી જતાં તેના સાસરિયાઓએ માર મારી મકાન ખાલી કરાવી કબજો લઈ લીધો હતો. આ અંગે ભાઈએ પોલીસ ફરિયાદ કરી છે જેમાં તેની વિધવા બહેને આ મકાન તેને આપ્યું હોવાનું વસિયતનામું રજૂ કરતાં મામલો ફોજદારી સાથે દિવાની બની જવા પામ્યો છે.
- ગાંધીનગરના વાવોલ ખાતે શાલીન-૩ સોસાયટીના બંગલા નં. ૧૪ ખાતે મોટો સ્ક્રીન લગાડી આઈપીએલ ફાઈનલ મેચનું જીવંત પ્રસારણ કરવાનું આયોજન કરાયું હતું. આ આયોજન અંતર્ગત અનેક ક્રિકેટરસિક મિત્રો દ્વારા સાથે મળીને મેચનો આનંદ ઊઠાવવામાં આવ્યો હતો.
- સૅક્ટર-૨૧ પોલીસ દ્વારા રવિવારે આયોજિત ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન મોટા ભાગના પોલીસ સ્ટાફે પોતાના ફોન સ્વીચ ઑફ રાખ્યા હતા અથવા કૉલ રિસીવ કર્યા નહોતા. આમ કરવાનું કારણ ટ્રાફિક ડ્રાઈવમાં પકડાયેલા કોઈ ઓળખીતા ભલામણ ન કરી શકે તે હતું.

**ટચુકડી જાહેર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## ચિરવિદાય

- બંસીલાલ ભાઈચંદભાઈ ભાવસાર - ઉં.વ. ૭૮
- મણીબેન કાનાજી ઠાકોર - ઉં.વ. ૭૮
- યોગેન્દ્રરાય વસંતરાય માંકડ - ઉં.વ. ૮૯
- મમતા દિપકભાઈ શેઠ - ઉં.વ. ૪૨
- રણજીતસિંહ જવાનજી રાઠોડ - ઉં.વ. ૫૫